**<u>પોલીસ વાહનોની નિભાવણી તથા જાળવણી માટે મંજૂર થયેલ ગ્રાન્ટના દરમાં સુધારો કરવા બાબત.</u>**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મટસ/૧૦૨૦૧૮/૮૨૭/વ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨/૦૪/૨૦૨૧

**<u>વંચાણે લીધા:</u>**

(૧) ગૃહ વિભાગનો તા.૦૨/૦૩/૧૯૯૫નો ઠરાવ ક્રમાંક: મટસ/૧૩૯૧/૮૫/વ.

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૫/૦૯/૨૦૧૮નો પત્ર ક્રમાંક: જેએમટી/રીપેર/વહન/જા.ની./૧૧૮૭/૨૦૧૮.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૦૪/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક: જેએમટી/રીપેર/વા.જા.નિ.દર વધારો/૧૦૧૫/૨૦૧૯.

(૪) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૦૩/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: જેએમટી/રીપેર/જા.ની./અનુદાન/વધારો/૯૮૨/૨૦૨૦.

**<u>ઠરાવ</u>:-**

વંચાણમાં લીધેલ ક્રમાંક (૧)માં દર્શાવેલ ગૃહ વિભાગના તા.૦૨/૦૩/૧૯૯૫ના ઠરાવથી પોલીસ ખાતાના વાહનોની નિભાવણી તથા જાળવણી માટે મંજૂર થયેલ ગ્રાન્ટના દરમાં સુધારો કરવામાં આવેલ છે. પરંતુ ૧૯૯૫ના વર્ષ પછી લગભગ દર વર્ષે મંજૂર કરાયેલ ખર્ચ મર્યાદા કરતાં વધુ ખર્ચ થવા પામેલ છે. વર્ષ-૧૯૯૫ પછી પેટ્રોલ, ડિઝલ, ઓઈલ, સ્પેરપાર્ટસ, લેબર ચાર્જ, ટાયર-ટ્યુબ, બેટરી વગેરેમાં ભાવવધારાના કારણે ખર્ચ વધવા પામેલ છે. તેમજ કાયદો અને વ્યવસ્થા, ચૂંટણી બંદોબસ્ત, કોમી હુલ્લડ બંદોબસ્ત, વિવિધ આંદોલનોના બંદોબસ્ત, વાઈબ્રન્ટ ગુજરાત બંદોબસ્ત, V-VIP મહાનુભાવોની સુરક્ષાના બંદોબસ્ત વગેરે પ્રસંગોમાં વધારો થતાં, પોલીસ વાહનોના ઉપયોગમાં પણ મોટા પાયે વધારો નોંધાયેલ હોવાથી તથા વિવિધ કંપનીના વાહનોની મેઇન્ટેનન્સ, સર્વિસ તથા કિલોમીટર પ્રમાણે રીપેરીંગની કામગીરી હાથ ધરવી પડતી હોવાથી આ મંજૂર ગ્રાન્ટ ખૂબ જ અપુરતી પડે છે. આમ, પોલીસ ખાતાના વાહનોની નિભાવણી તથા જાળવણી માટેના જે દર હાલ અમલમાં છે તેમાં છેલ્લા ૨૫ વર્ષથી કોઈ સુધારો/વધારો થયેલ ન હોવાથી તેમજ વર્ષ-૧૯૯૫ પછી નિયત કરેલ ખર્ચ કરતાં થયેલ ખર્ચની ટકાવારી જોતાં આ મર્યાદા ફરીથી નક્કી કરવાની આવશ્યકતા જણાતાં વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) થી (૪)માં દર્શાવેલ પત્રોથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પ્રસ્તુત બાબતે સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે વર્ષ-૧૯૯૫માં નક્કી કરવામાં આવેલ પોલીસ વાહનોની નિભાવણી અને જાળવણી માટેના દરોમાં નીચે જણાવેલ કોષ્ટકમાં દર્શાવેલ કોલમ (૪) પ્રમાણે સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વાહનનો પ્રકાર | વાહન દીઠ વાર્ષિક ખર્ચનો હાલનો દર (રૂ.) | વાહન દીઠ વાર્ષિક ખર્ચનો સુધારેલ દર (રૂ.) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | જીપ, કાર અને સ્ટેશન વેગન | ૨૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| ૨ | મોટા વાહનો (૩ ટન અને તેથી વધારે ક્ષમતાવાળા) | ૩૦,૦૦૦/- | ૪૫,૦૦૦/- |
| ૩ | મોટર સાયકલ (ટ્રાફિક શાખા સહિત) | ૫,૦૦૦/- | ૭,૫૦૦/- |
| ૪ | રાજયની ટ્રાફીક શાખામાં હાઈવે પેટ્રોલીંગમાં વધારાના વાહનો | ૨૫,૦૦૦/- | ૩૭,૫૦૦/- |

૩. પોલીસ વાહનોની નિભાવણી અને જાળવણી માટેના ઉક્ત સુધારેલ દરોને નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

(૧) વાહન વિક્રેતા કંપની દ્વારા આપવામાં આવેલ તમામ ફ્રી સર્વિસનો લાભ લેવાનો રહેશે અને તે અંગેની નોંધ વાહન લોગ બુકમાં અચૂક કરવાની રહેશે.

(૨) આ અંગેની જવાબદારી વાહન ચલાવનાર ચાલક અને જેઓને વાહન ફાળવવામાં આવેલ છે તે અધિકારીની સંયુક્ત જવાબદારી સ્વરૂપમાં રહેશે.

(૩) અતિ આવશ્યક એસેસરીઝનો જ રિપેરીંગ ખર્ચમાં સમાવેશ કરવાનો રહેશે. તે સિવાય વધારાની એસેસરીઝ કે કોમ્પોનેન્ટ ઉપર કોઈ બિનજરૂરી ખર્ચ કરવાનો રહેશે નહીં.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ૨૦૫૫-પોલીસ (૧૦૯) જિલ્લા પોલીસ (૧) પોલીસ ખુદ અને ૨૦૫૫-પોલીસ (૧૦૯) જિલ્લા પોલીસ (૪) પોલીસ ખુદ હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૫. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૬/૦૩/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એ.પ્રજાપતિ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)

(૨) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૫) મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૬) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., પોલીસ ભવન, ગાંધીનગર.
(૯) સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (આયોજન અને આધુનિકરણ), ગુ.રા., ગાંધીનગર.
(૧૧) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (તકનિકી સેવાઓ અને SCRB), ગુ.રા., ગાંધીનગર.
(૧૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
(૧૩) સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ, ગુજરાત રાજ્ય.
(૧૪) સર્વે રેન્જ વડાશ્રીઓ, ગુજરાત રાજ્ય.
(૧૫) સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ (પશ્ચિમ રેલ્વે વડોદરા/અમદાવાદ/એ.ટી.એસ. સહિત).
(૧૬) સર્વે અધિક સચિવ/નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૭) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૮) સર્વે સેનાપતિશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ, ગુજરાત રાજ્ય.
(૧૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
(૨૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
(૨૧) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
(૨૨) સેકશન અધિકારીશ્રી, આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ગૃહ વિભાગની વેબસાઈટ ઉપર આ ઠરાવ મૂકવાની વિનંતી સાથે.
(૨૩) સિલેક્ટ ફાઈલ. (શાખા/ના.સે.અ.)